**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરની સવાર અને સાંજની મજા કોરોનાએ છીનવી

ગાંધીનગર, તા.૬

શહેરમાં કોરોના ના કહેરે તો ઉનાળાની મજા છીનવી લીધી છે. કોરોનાની મહામારી સામે લડવા સરકાર દિવસે દિવસે કડક બનતી જાય છે. જોઈતી વસ્તુઓનું ખરીદ વેચાણ પણ હવે ઓછું થતું જઈ રહ્યું છે. કારણ કે ઘરની બહાર નીકળવામાં અત્યારે જોખમ છે. હાલમાં બહાર પાડેલા જાહેરનામા પ્રમાણે સાંજે સાત વાગ્યાથી સવારે સાત વાગ્યા સુધી કોઈપણ ઘરની બહાર નહી શકે જો વગર કારણોસર કોઈ બહાર જણાય તો તેને જાહેરનામાના ભંગ બદલ સજા ભોગવવી પડશે જેને કારણે શહેરમાં મોર્નિંગ વોકર્સ અને ઈવનિંગ વોકર્સની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ જોઈને પાછલા ચારેક દિવસથી સવારે અને સાંજે કોઈપણ બહાર દેખાતું નથી.





ઉનાળાનું વેકેશન કરવા માટે અને ઉનાળાની મજા માણવા માટે ગાંધીનગર જાણીતું છે.જેવો ઉનાળો આવે અને ગોળો ખાવા જવું એ તો એક પરંપરા બની ગઈ હતી રોજ રાત્રે જમીને બાળકો સાથે શહેરના પરિવારો ઘ-૪ કે ચ-૫ ના સર્કલે આંટો મારવા પહોંચી જતા અને પાછા વળતી વખતે આઈસ્ક્રીમ કાં તો ગોળાની મજા માણતા. શહેરના બગીચાઓ ખાલી જ ના જોવા મળે કેટલાય પરિવારો ઉનાળાની રાત્રે બગીચામાં જરૂરથી જોવા મળતા. વૃદ્ધો મોડી સાંજ સુધી પોતાની સભા ભરતાં અને બાળકો સાંજે ફુલરેકેટ, ક્રિકેટ, સાતોલિયું જેવી ગેમ રમતા જણાતા. સોસાયટીઓ અને સેક્ટરોના રોડ ઉપર છોકરાઓ સાયકલિંગ કરતા પરંતુ હવે શહેરની સોસાયટીઓ અને સેક્ટર સાવ ખાલી જણાય છે ઉપરાંત દરેક જાહેર સ્થળ જાણે કે સુના પડી ગયા છે. સાંજના સમયે ચાલવા જવું ઉપરાંત ગરમીથી બચવા હવાફેર કરવું તેવું માનતા શહેરીજનો હાલ કોરોના ને કારણે ઘરમાં જ પુરાઈ ગયા છે. જાણે કે કોરોના એ ઉનાળાની મજા જ છીનવી લીધી.

## આજે શાકભાજી કયાં-કયાં

**ગુરુવારે કયાં કયાં મધુર શાકભાજી મળશે**

| સ્થળ | સમય |
| --- | --- |
| ઘ-૫ પાર્લર (દરરોજ) | ૪ થી ૬ |
| સેકટર-૨૮ પાર્લર (દરરોજ) | ૪ થી ૬ |
| ડેરીના મુખ્ય ગેટ પાસે, સે-૨૫ (દરરોજ) | ૪ થી ૬ |
| ભૂવનેશ્વરી મંદિર, સેકટર-૬ | ૪ થી ૬ |
| ઉર્જાનગર, રાયસણ | ૪ થી ૬ |
| કુડાસણ, મધુર પાર્લર | ૪ થી ૬ |
| સરગાસણ, ટીપી સ્કીમ | ૪ થી ૬ |
| કૃષિભવન, સેકટર-૧૦ | ૪ થી ૬ |

**નોંધ : આપની સોસાયટીના રહીશો માટે નીચેના નંબર પર વોટસએપ કરવાથી બીજે દિવસે સાંજે ૪ થી ૬ ઓર્ડર મુજબ શાકભાજી પહોંચાડવામાં આવશે.**
**વોટસએપ નંબર : ૭૩૮૩૫૬૩૮૬૧, ૭૨૨૮૮૭૬૦૩૧**

# વાવોલમાં આવતી કાલથી ત્રણ દિવસ દૂધ અને દવા સિવાય તમામ વેપાર બંધ

**દૂધ માત્ર સવારે ૭ થી ૧૧ જ વેચી શકાશે : દૂધ સાથે દુકાનમાં રહેલ અન્ય વસ્તુ વેચનારને પણ દંડ ફટકારવામાં આવશે : માસ્ક નહીં પહેરનારને પહેલા ૫૦૦ અને પછી ૧ હજારનો દંડ કરાશે**

ગાંધીનગર તા.૬

ગાંધીનગર તાલુકામાં કોરોના સંક્રમણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. વાવોલમાં પણ કોરોના પોઝિટિવ કેસ આવ્યા બાદ સરપંચ સહિત ગામના હોદ્દેદારો અને અગ્રણીઓ ચિંતિત બન્યાં છે. આ સ્થિતિમાં આજે રોજ વાવોલ ગામ પંચાયત ખાતે સરપંચ નગીનભાઈ નાડિયાની આગેવાનીમાં યોજાયેલ મીટીંગમાં ગ્રામ પંચાયત દ્વારા ઉપસ્થિત સભ્યોના સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો છે કે તા. ૮મી મે થી તા. ૧૦મી મે સુધી એટલે કે શુક્રવાર, શનિવાર અને રવિવાર સુધી સળંગ ત્રણ દિવસ માટે વાવોલ ગ્રામ પંચાયતની હદમાં માત્ર દૂધ અને દવા સિવાય અનાજ, કરિયાણા, શાકભાજી, ફળફળાદિ સહિત તમામ દુકાનો-વેપાર બંધ રાખવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વાવોલમાં દૂધ વિતરણ માટે અગાઉ ઠરાવ કરીને સવારે ૭ થી ૧૧ કલાક સુધીનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ સાથે આજે યોજાયેલ બેઠકમાં એમ પણ નિયત કરવામાં આવ્યું હતું કે જે દુકાનધારક દૂધ વેચવા સાથે અન્ય ચીજચસ્તુ જેવી કે કરિયાણું કે અન્ય કોઈપણ વસ્તુનો વેપાર ધરાવતો હશે તે પણ જો દૂધ સિવાય અન્ય કોઈ ચીજવસ્તુ આ ત્રણ દિવસ દરમ્યાન વેચતો ઝડપાશે તો તેની પાસેથી પણ દંડ વસુલવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વાવોલ ગ્રામ પંચાયત દ્વારા અગાઉ કરેલા ઠરાવ મુજબ ગામના તમામ વિસ્તારોમાં લોકડાઉનનુ ચુસ્તપણે પાલન કરવામાં આવે એ હેતુથી ગામ પંચાયતના સદસ્યો તથા પંચાયત સ્ટાફ દ્વારા તમામ વિસ્તારોમાં તથા તમામ સોસાયટી વિસ્તારમાં સઘન પણે ચેકીંગ કરવામાં આવશે અને સરકાર દ્વારા જાહેર કરેલ તમામ આદેશો જેવા કે માસ્ક પહેરવુ ફરજિયાત, સોશ્યલ ડીસ્ટન્સ, દ્વિચક્રી વાહન પર ફકત એક વ્યક્તિ વગેરેનું પાલન કરવાનું રહેશે. આ ઉપરાંત જીવનજરૂરી ચીજવસ્તુઓ અને અતિ આવશ્યક મેડિકલ સેવા મેળવવા સિવાય બહાર ફરતા વ્યક્તિઓ સોસાયટી અને મહોલ્લામાં એકઠા થઈ બેસનાર લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમજ પંચાયત દ્વારા દંડ પણ વસુલવામાં આવશે. વાવોલમાં માસ્ક નહી પહેરનારને પ્રથમવાર રૂ.૫૦૦ અને બીજીવાર રૂ.૧ હજારનો દંડ નિયત કરવામાં આવ્યો છે. આ નિયમો વાવોલ ગ્રામ પંચાયતની હદમાં આવતા ગામ અને સોસાયટી વિસ્તાર સહિત તમામ વિસ્તારોને લાગુ પડશે.

# સેકટર-૩/બીના મિત્ર મંડળ દ્વારા સ્થાનિક રહીશોને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરતાં ઉકાળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૩/બી મિત્ર મંડળ દ્વારા સ્થાનિક રહીશોને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરે તેવા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર સેકટર-૩/બીના મિત્ર મંડળ દ્વારા કોરોના વાયરસમાં સેકટરના રહીશોની રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે તે માટે આયુર્વેદ હોસ્પિટલ, સેકટર-૨૨ ખાતેથી ઉકાળાનું રો મટીરીયલ્સ મેળવ્યું હતું. મિત્ર મંડળના સભ્ય સર્વે શ્રી વિવેક નાયક, રાજુભાઈ પટેલ, ચિંતનભાઈ દવે, બાબુભાઈ, જીગ્નેશ પટેલ, હિતેન દોશી અને તેમના મિત્રો દ્વારા આ ઉકાળો સેકટર-૩/બી માં જ બનાવવામાં આવ્યો હતો. ૧૫૦ પરિવારને આ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉકાળા વિતરણ દરમ્યાન સોશિયલ ટેસ્ટિંગ રાખી અને માસ્ક પહેરીને વિતરણ કરવામાં આવ્યું હતું. તમામ સેકટર-૩ના જાગૃત નાગરિકો પણ સરકારના નિયમોનું પાલન કરીને માસ્ક પહેરીને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરતા ઉકાળો લેવા આવ્યા હતા.

# સે-૨૪ ખાતે પોલીસ પર હુમલો કરનાર શખ્સોની પાસા હેઠળ કાર્યવાહી

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૨૪ માં પીએસઆઈ સહિતના સ્ટાફ પર બે શખ્સો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે લોકડાઉનમાં પોલીસ પર હુમલો કરનાર આ બે શખ્સોને પાસા હેઠળ અટકાયત કરીને જેલમાં મોકલી અપાયા છે. સેકટર-૨૪ ડબલ ડેકર ખાતે રહેતા હિમાંશુ હરેશભાઈ પંડયા અને શ્રીનગર ખાતે રહેતો વિશાલ જયરામ રબારી એ પોલીસ સ્ટાફના કર્મચારી સાથે ગાળાગાળી કરીનો હુમલો કર્યો હતો. જેને અનુલક્ષી સેકટર-૨૧ પોલીસ અને એલસીબી પોલીસ સાથે



સંકલનમાં રહીને પાસાની દરખાસ્ત તૈયાર કરી હતી અને જિલ્લા મેજીસ્ટ્રેટને મોકલી આપી હતી. ત્યારબાદ પાસાની દરખાસ્ત મંજુર થતા પોલીસે બુધવારના રોજ બંને યુવકોની અટકાયત કરીને પાસા હેઠળ સુરત જેલ ખાતે મોકલી આપ્યા હતા. જિલ્લા પોલીસે લોકડાઉનની અમલવારી માટે ફરજ બજાવતા પોલીસ જવાનો તેમજ અન્ય સરકારી કર્મચારીઓનો સહકાર આપવો અને તેમની સામે ઘર્ષણમાં ન ઉતરવા માટે આગ્રહ કર્યો છે. તેમ છતા કોઈ ફરજ બજાવતા કર્મચારી સાથે ઘર્ષણ કે હુમલો કરશે તો પોલીસ તંત્ર દ્વારા આગામી સમયમાં પણ પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

# શહેરના તમામ પ્રવેશદ્વાર પર પોલીસનો લોખંડી બંદોબસ્ત

**રોજના ૩ હજારથી વધુ વાહનચાલકો પરત ફરે છે**






ગાંધીનગર, તા.૬

ઉનાળાની સિઝનમાં આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે, તો બીજી તરફ કોરોના વાયરસને પગલે લોકડાઉનની સ્થિતિ સર્જાઈ છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ કોરોના કેસ વધતા તંત્ર દ્વારા શહેરના તમામ પ્રવેશદ્વાર પર લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ગાંધીનગર તરફ આવવાના વૈષ્ણોદેવી અને એપોલો સર્કલ પર કોવીડ ચેકપોસ્ટ ઉભી કરીને રાઉન્ડ ધ કલોક પોલીસ જવાનો ખડેપગે ફરજ બજાવી રહ્યા છે. પાટનગરમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે અમદાવાદથી આવતા કોઈ પણ વ્યકિત કે કર્મચારીના પ્રવેશ પર મનાઈ ફરમાવી છે. જેથી શહેરમાં પ્રવેશવા માટે થનગનતા ૩૦૦૦ જેટલા વાહન ચાલકોને વિલા મોઢે પરત ફરવાનો વારો આવે છે.



રાજયના પાટનગરમાં કોરોનાના કેસ વધતા રેડ ઝોનમાં આવી ગયું છે. તંત્રને કોરોના પોઝીટીવ કેસોનું ક્યાંક અને કયાંક કનેકશન અમદાવાદ સાથે જોડાયેલ જોવા મળ્યું છે. જેથી પાટનગરમાં અમદાવાદથી આવતા તમામ નાગરીકો, કર્મચારીઓ માટે “નો એન્ટ્રી” કરી દેવામાં આવી છે. વૈષ્ણોદેવી અને એપોલો સર્કલ ખાતે ખાસ કોવીડ ચોકી ઉભી કરાઈ છે. જેમાં પોલીસના જવાનો ચોવીસ કલાક ફરજ પર તૈનાત હોય છે. કોવીડ ચોકી ખાતે ગરમીને પગલે પાણી અને કુલરની વ્યવસ્થા કરવામાં આવી છે. કોવીડ ચોકી ઉપરાંત કોબા, ઝુંડાલ, શાહપુર સર્કલ અને ચ-૦ સર્કલ પાસે પણ ખાસ ચકાસણી કરવામાં આવે છે. જયારે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા અને ડીવાયએસપી એમ. કે. રાણા દ્વારા પણ આકસ્મિક ચેંકીગ હાથ ધરવામાં આવે છે. પાટનગરમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે અમદાવાદ થી ગાંધીનગરમાં પ્રવેશવા માટે આવતા વાહન ચાલકોને એપોલો સર્કલથી પરત મોકલી દેવામાં આવે છે. શહેરમાં આવશ્યક સેવાઓના વાહનોને જ પ્રવેશ આપવામાં આવે છે. ત્યારે શહેરમાં બિનજરુરી પ્રવેશવા માટે પોલીસ સાથે બહાનાબાજી કરતા વાહનચાલકો પણ નજરે પડે છે.

## ચિરવિદાય

- સ્વ. તેજસબેન ત્રંબક મહાજન, ઉ.વ. ૯૦
- સ્વ. હર્ષાબેન નિકેતન મજમુદાર, ઉ.વ. ૫૩

# કેવી રીતે કાર્ય કરે છે કોરોના પોઝિટિવ દર્દીને હોસ્પિટલ પહોંચાડતી ખાસ ૧૦૮ એમ્બ્યુલન્સ વાન?

**આ વાનમાં એક ઈએમટી અને એક પાયલોટ સહિતની બે ટીમ વારાફરતી સેવા આપે છે : પેશન્ટને હોસ્પિટલ પહોંચાડ્યા બાદ તરત જ વાનનું ફ્યુમિગેશન કરવામાં આવે છે**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સહિત ગુજરાત રાજ્ય હવે કોરોના કોવિડ-૧૯ વાયરસના ભયના ઓથાર તળે જીવી રહ્યું છે. કોઈ પણ નાગરિકને કોરોના પોઝિટિવ હોવાનું માલૂમ પડતાં જ ૧૦૮ની એમ્બ્યુલન્સ ટીમ દ્વારા દર્દીને નિયત કોવિડ-૧૯ હોસ્પિટલ ખાતે પહોંચાડવાની સેવા આપવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૦૮ ઈમરજન્સી સેવાની કુલ ૧૩ એમ્બ્યુલન્સ કાર્યરત છે તે પૈકી કોરોના કોવિડ-૧૯ પોઝિટિવ કેસના દર્દી માટે જે એક એમ્બ્યુલન્સ નિયત કરવામાં આવી છે તેમાં એક ઈએમટી અને એક પાયલોટ મળીને બે જણની ટીમ એમ કુલ બે ટીમો વારાફરતી ૨૪ કલાક દરમિયાન કાર્યરત છે.

### ગામમાં ટોળુ જોવા આવે જ્યારે શહેરમાં કોઇ ફરકે નહીં

બળવંતભાઈએ જણાવ્યું હતું કે જ્યારે કોરોના પોઝિટિવ પેશન્ટને લેવા માટે કોઈ ગ્રામ્ય વિસ્તારમાં જાય છે ત્યારે તે તે ઘટનાને જોવા માટે આસપાસમાં ગ્રામજનોનું ટોળું એકઠું થઈ જાય છે ત્યારે અમે તેમને ઘરે જવા વિનંતી કરીએ છીએ. બીજી તરફ જ્યારે શહેરી વિસ્તારમાં કારોના પોઝિટિવ પેશન્ટને લેવા જઈએ ત્યારે આસપાસમાં કોઈ ફરકતું નથી આનો મતલબ છે કે ગ્રામ્ય વિસ્તારમાં હજુ વધુ જાગૃતિની જરૂર જણાય છે.






કોરોના વાયરસ પોઝિટિવ કેસના દર્દીને તેના ઘરેથી કોવિડ-૧૯ હોસ્પિટલ સુધી પહોંચાડવા માટે જે એક વાન ફાળવવામાં આવી છે તેના માટે ઈએમઈ ધર્મેન્દ્રસિંહ પુવાર તથા પ્રોગ્રામ મેનેજર સંદિપભાઈ ગઢવીના નેતૃત્વમાં જે બે ટીમ કાર્યરત છે તેમાં ઈમર્જન્સી મેડિકલ ટેક્નિશિયન બળવંતભાઈ દરજી અને રાકેશભાઈ ઠાકોર તથા પાયલોટ તરીકે ચેતનભાઈ દેસાઈ અને રાજેન્દ્રસિહ સોઢા વારાફરતી સેવા આપી રહ્યાં છે. ઈએમટી બળવંતભાઈના જણાવ્યા અનુસાર તેઓ આ કાર્યથી ગુજરાત માટે મહત્વની સેવા પુરી પાડવા તેમની પસંદગી થવા બદલ ગૌરવ અનુભવી રહ્યાં છે અને આ ક?ામને તેઓ ખૂબ જ સહાનુભૂતિ સાથે કરી રહ્યાં છે. આમ તો દર્દી જાતે પોતાના ઘરમાંથી નીકળીને વાનમાં જઈ બેસી જાય છે પરંતુ જો દર્દી ચાલવા માટે સક્ષમ ના હોય તો અમે સ્ટ્રેચરનો પણ ઉપયોગ કરીએ છીએ.

### અમારા પરિવારને પણ ગર્વ

બળવંતભાઈ ના ઘરમાં તેમના પત્ની ઉપરાંત માતા અને ભાઈ પણ કહે છે. બળવંતભાઈના લગ્નને એક વર્ષ થયું છે તેવું કહે છે કે આ કામ માટે તેમને તેમના પરિવાર તરફથી પણ પ્રોત્સાહન મળી રહ્યું છે અને પરિવાર પણ ગર્વ અનુભવી રહ્યો છે. તેમના પાયલોટ ચેતનભાઈ પોતાની પત્ની, એક દીકરી અને માતા સાથે રહે છે.

કોરોના પેશન્ટને હોસ્પિટલ સુધી પહોચાડવાનો હોવાથી તેમને સંક્રમણનો ખતરો રહે છે જેનાથી બચવા માટે તેઓ પીપીઈ કીટનો ઉપયોગ કરે છે. આ પીપીઈ કીટ દરેક કેસ વખતે નવી જ વાપરવાની હોય છે અને તે ડિસ્પોઝેબલ હોવાથી જેવો દર્દી હોસ્પિટલમાં દાખલ થઈ જાય એટલે તેઓ તેનો નિર્દેશિત પધ્ધતિથી યલો બેગમાં પેક કરીને તેના માટે હોસ્પિટલ કેમ્પસમાં અલગ રાખેલ ગાડીમાં મુકી દેવામાં આવે છે. તેમની વાનમાં ૧૦થી વધુ પીપીઈ કીટનો સ્ટોક આપેલો હોય છે. વળી, કોરોના પોઝિટિવ પેશન્ટને હોસ્પિટલ પહોંચાડ્યા બાદ તરત જ વાનનું ફ્યુમિગેશન કરવામાં આવે છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ, પોલીસ અને હોસ્પિટલ સ્ટાફ દ્વારા તેમને સારો સહયોગ પ્રાપ્ત થાય છે.